
# સમજુ બકરીઓ




એક નાનું ગામ. ગામ પાસે એક નદી હતી. નદી સાંકડી અને ઊંડી હતી. ચોમાસામાં એમાં ખૂબ પાણી આવતું. સામે કાંઠે જવા માટે લાકડાનો એક પુલ હતો. પુલ બહુ સાંકડો હતો. પુલને કઠેડો ન હતો તેથી તેના પરથી ખૂબ જ સાચવીને જવું પડતું.



બપોરનો સમય હતો. પુલ પર વધારે અવરજવર ન હતી. તેવામાં પુલના સામસામેના છેડેથી બે કૂતરા આવ્યા. બેઉ એકબીજા સામે ભસવા લાગ્યા. વાત વધી પડી. બેઉ એકબીજા સાથે લડવા લાગ્યા. આમ કરતાં બેઉ પુલ પરથી લપસી ગયા. બેઉ નદીના ઊંડા પાણીમાં પડી ગયા.



થોડો સમય થયો. પછીથી પુલ પર બે બકરીઓ સામસામેથી આવી. પુલની વચમાં બેઉ ભેગી થઈ. બેઉ બકરીઓ સમજુ હતી. તે કૂતરાની જેમ ઝગડી નહીં. પહેલાં એક બકરી નીચે નમીને બેસી ગઈ. બીજી બકરી તેના પરથી સાચવીને પસાર થઈ ગઈ. તે જેવી પસાર થઈ ગઈ કે બેઠેલી બકરી ઊભી થઈ - બેઉ પોતપોતાને રસ્તે ચાલતી થઈ ગઈ. કેવી સમજદાર બકરીઓ !



| | | |
|---|---|---|
| વજન | ખીચડી | છાબડી |
| આદર | રાધા | નીલમ |
| છાણ | ગૌરવ | ઠળિયો |
| માણ | યતિ | ઝરણું |
| પૌઆ | વાંદરો | ખાનું |
| કંપાસ | દાબડી | નૌકા |

ભણે છે.

ગણિત ભણે છે.

સૌરવ ગણિત ભણે છે.

ઓળે છે.


વાળ ઓળે છે.

ગૌરી વાળ ઓળે છે.

| | | |
|---|---|---|
| સાંકડી | પુલ | કઠેડો |
| બેઉ | સમજુ | ઝગડી |
| સાચવીને | પસાર | સમજદાર |

૧૦

# આ કેરી આપણી નથી



ષ ત્ર જ્ઞ

યુગ, મનીષ અને જિજ્ઞેશ ત્રણેય મિત્રો હતા. એક દિવસ તેઓ ફરવા નીકળ્યા.


ફરતાં ફરતાં ગામના મંદિરે ગયા. ચૈત્રી નવરાત્રીની આઠમનો આજે યજ્ઞ હતો. મંદિરની યજ્ઞવેદીમાં હવન થતો હતો.

મનીષને અચાનક યાદ આવ્યું. નિશાળમાં આજે જુદા જુદા આકારો વિશે ભણાવેલું. મંદિરની ધજા જોઈને એ બોલી ઊઠ્યો. અરે ! આનો આકાર તો ત્રિકોણ છે. યજ્ઞવેદીનો આકાર જોઈ કહે આ તો ચતુષ્કોણ છે. યુગ અને જિજ્ઞેશ બોલ્યા. પેલા બગીચામાં જઈએ. ત્રણેય મિત્રો બગીચામાં ગયા. બગીચાને જોઈ મનીષ બોલી ઊઠ્યો. અરે ! આ બગીચાનો આકાર તો ષટ્કોણ છે. ત્રણેય મિત્રો બગીચામાં આંબાના ઝાડ નીચે બેઠા.



યુગે ઉપર નજર કરી તો આંબા પર મોટા મોટા મરવા લટકે. કાચી કેરી જોઈ ત્રણેયના મોઢામાં પાણી આવ્યું. એટલામાં આંબા પર સળવળાટ થયો. એક વાંદરો આંબા પર બેઠો હતો. લીલાં પાનની ઘટામાં એ દેખાતો નહોતો. તેણે એક ડાળ પરથી બીજી ડાળ પર કૂદકો માર્યો. એ સાથે જ એક કાચી કેરી ઝાડની નીચે પડી. ત્રણેય મિત્રો ખુશ થઈ ગયા. કેરી જોઈને ખાવાનું મન થયું. પણ જિજ્ઞેશે કહ્યું: આ કંઈ આપણો આંબો નથી. આપણાથી આ કેરી ન ખવાય. ચાલો, પેલા માળીકાકા ત્યાં છોડને પાણી પિવડાવે છે. એમને આ કેરી આપી દઈએ.

યુગ કહે, બરાબર છે, ચાલો. કેરી લઈ ત્રણેય માળીકાકા પાસે ગયા. કહે, 'લો માળીકાકા, આ કેરી વાંદરાએ પાડી છે'.



માળીકાકા કહે, ‘અરે ભાઈ ! એમાં વળી મને શું આપવાની ? તમે ખાઈ જાવ !’

યુગ કહે, ‘તમારી મહેનતથી આ ફળછોડ ઊછરે છે. એનાં ફળ કંઈ અમારાથી લઈ લેવાય ?’

માળીકાકા કહે,‘પણ હવે તો હું તમને ખાવા આપું છું. તમે એને જરૂર ખાવ. અને હા, તમારી વાડીમાં પણ આંબા વાવો તો કેવું સારું ! તમને પણ કેરી મળે ને !’ ત્રણેય મિત્રો કહે : ‘‘હા, હા, માળીકાકા અમે જરૂર આંબા વાવીશું.’’

| | | | |
|---|---|---|---|
| **ઉષા** | **ભાષા** | **પ્રજ્ઞા** | **ત્રેવડ** |
| **ત્રણ** | **રાત્રી** | **દેવાંશ** | **મનીષા** |
| **જ્ઞાની** | **જ્ઞાતિ** | **પંચમ** | **શૈશવ** |
| **શત્રુ** | **પવિત્ર** | **યજ્ઞ** | **શૂરવીર** |

| | | |
|---|---|---|
| **ત્રણ** | **મિત્રો** | **યુગ** |
| **જિજ્ઞેશ** | **મનીષ** | **ષટ્કોણ** |
| **યજ્ઞવેદી** | **ચતુષ્કોણ** | **સળવળાટ** |

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર


શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

૧૧

# ઋષિનો આશ્રમ



ક્ષ શ્ર ઋ ૨



એક આશ્રમ હતો. તેમાં એક ઋષિ અને શિષ્યો રહેતા હતાં. એક વખત ઋષિ એક વૃક્ષ નીચે બેઠા હતા. ત્યાં અચાનક એક શિષ્ય હાથમાં કશુંક લઈને દોડતો આવ્યો, અને બોલ્યો...

ઋષિવર, આપણા આશ્રમના ઉપવનમાં આ સસલું તરફડતું હતું.

અરે ! ધોળા ધોળા રૂ જેવા આ મૂંગા સસલાને કોણે ઘાયલ કર્યું હશે ?

ઋષિ : આ સસલાને શું થયું છે ?

શિષ્ય : અરે, કોઈએ એને ઘાયલ કર્યું છે. હું એને ઔષધિ લગાડવા અહીં લાવ્યો છું.

(ઘાયલ સસલાને જોઈ ઋષિના રૂવાડા ઊભા થઈ ગયાં.)

ઋષિ શિષ્ય પાસેથી સસલું લઈ કુટિરમાં ગયાં, ત્યાં જઈ ઋષિએ ઈશ્વરને પ્રાર્થના કરી કે જેમણે આને ઘાયલ કર્યું હોય તેમને ક્ષમા કરજો. પછી ઋષિએ રૂ વડે સસલાનો ઘા સાફ કર્યો અને ઔષધિ લગાવી. થોડીવારે સસલાને કળ વળી એટલે ઋષિ પાસે રમવા લાગ્યું.

| | | |
|---|---|---|
| ક્ષત્રિય | ક્ષમા | રૂઆબ |
| શ્રમ | રૂબરૂ | ક્ષય |
| ઋષિ | શાપ | દક્ષિણ |
| વરુણ | રક્ષણ | શ્રીમાન |

દક્ષા અને રક્ષા ઋષિ પાસે ગયાં.

શ્રાવણ માસમાં વરસાદ પડે છે.

નાક સાફ કરવા માટે રૂમાલ વાપરો.

| | | |
|---|---|---|
| ઋષિવર | ઔષધિ | વિશ્રામ |
| આશ્રમ | વૃક્ષ | ક્ષમા |
| ઉપવન | પુત્ર | ઘાયલ |

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે